# આદિવાસી ઓળખના પરિમાણ અને પડકારો

ચંદ્રકાન્ત જી. બ્રહ્મભટ્ટ
આસિસ્ટન્ટ પ્રોફેસર,
એ.એસ.સી., યુ.જી.સી.,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

## ૧. પ્રસ્તાવના

ડૉ. વિદ્યુત જોષી લખે છે કે, "જયારે સમાન લક્ષણો ધરાવતા લોકો પોતાની જાતને એક સમૂહ કે જૂથ તરીકે ઓળખાવે અને બીજા સમૂહો કરતા પોતાની અલગ અને આગવી ઓળખના પ્રતિકો ઉભા કરે છે, ત્યારે જે તે જૂથની ઓળખ/અસ્મિતા ઊભી થઈ કહેવાય". પોતાની અલગ બોલી- ભાષા, રિતરીવાજો, અલગ પહેરવેશ, અલગ સંસ્થાઓ અને અલગ કલા પ્રતિકો જે તે જૂથની ઓળક સ્થાપવામાં મદદરૂપ બને છે. સમાજશાસ્ત્રી ચાર્લ્સ કૂલેએ માનવીના ત્રણ પાસાં દર્શાવ્યા છે. જેમાં "માનવીની કેટલીક બાબતો અન્ય કેટલાક જેવી છે" તે બાબત જૂથ ઓળખ આપે છે. આવી અલગ જૂથ ઓળખ જન્મદત્ત અથવા સિધ્ધીદત્ત હોય છે. જો કે જૂથ ઓળખ એક સામાજીક ઘડતર (Social Construct) છે. લોકો પોતાની અલગ ઓળખ સ્થાપિત કરવાની કોશીશ કરે ત્યારે જ અલગ ઓળખ સ્થાપિત થાય છે.

સુદર્શન આયંગર લખે છે કે, આપણા દેશમાં સાંપ્રત સમયમાં વિવિધ વર્ગો તેમજ વર્ણો વચ્ચે સામાજિક - આર્થિક વિકાસના સ્તરે પ્રવર્તતી વિષમતા તીવ્ર બની છે. સ્વાતંત્ર્યોતર ભારતમાં પછાત વર્ગોમાં એક નાનકડા પ્રબુધ્ધ વર્ગનું નિર્માણ થવા પામ્યું છે. જેઓ પછાત વર્ગોની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે પછાત વર્ગો આ સંઘર્ષમાં જોડાઈ સ્વ ઓળખ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. સમૂહ વિશેષની ઓળખ એ રાજનૈતિક ચેતનાના સ્તરે અત્યંત અગત્યની સાબિત થઈ રહી છે. અહીં માત્ર આર્થિક પ્રગતિ અથવા ભૌતિક સુખ સગવડનો મુખ્ય મુદ્દો નથી પરંતુ આવા સમૂહો પોતાની અસ્મિતાની ઓળખ અને તેને મેળવવા માટે સંઘર્ષરત છે તે મહત્ત્વનું છે.

દુનિયાભરમાં ઓળખ / અસ્મિતાનો પ્રશ્ન આજકાલ મહત્વનો બની ગયો છે અને તેમાંય આ દેશની મૂળ વતની પ્રજા એવી આદિવાસી ઓળખની ચળવળ મહત્વની બની છે ત્યારે આદિવાસી ઓળખનાં પરિમાણ એ પડકારને જાણવાની તાકીદની જરૂરિયાત છે. એક બાજુ પર-સાંસ્કૃતિકરણ, આધુનિકકરણ, વૈશ્વિકરણને લીધે આદિવાસી ઓળખ લુપ્ત થવાનો ડર સતાવે છે, ત્યારે બીજી બાજુ સ્વાર્થ ખાતર લાભ લેવા બિન આદિવાસીઓનું આદિવાસીકરણ આપણને વિચારતા કરી દે તેવું છે. આદિવાસીઓનું વિસ્થાપન અને વિકાસના લાભોથી વંચિત આદિવાસીઓને અન્યાય થયો હોવાની લાગણી અનુભવવાથી ઓળખનો પડકાર ઉભો થયો છે. તેથી જ પ્રસ્તુત પેપરમાં આદિવાસી ઓળખના પરિમાણ અને પ્રકારો જાણવાનો અદનો પ્રયાસ કર્યો છે. આપણે સૌ પ્રથમ અસ્મિતા /ઓળખનો અર્થ જોઈશું. ત્યારબાદ આદિવાસી ઓળખનો અર્થ જોઈ તેના પરિમાણ અને પ્રકારો જોઈશું.

## ૨. ઓળખ / અસ્મિતાનો અર્થ

"આઈન્ડેન્ટીટી" (Identity) શબ્દ ગુજરાતીમાં સામાન્ય રીતે બે અર્થમાં વપરાય છે. ઓળખ અને અસ્મિતા જો કે બંને પર્યાય વાચક શબ્દોમાં તત્વત : સુક્ષ્મભેદ છે. અસ્મિતાનો પ્રશ્ન પ્રાથમિક રીતે ગૌરવ સાથે સંકળાયેલ છે.

તેમાં સમાજ કે વ્યક્તિને સ્વાભિમાન અપાવી શકે તેવી બાબતોનો સમાવેશ થાય છે. જયારે ઓળખ શબ્દ સાંકેતિક અર્થમાં છે. ગુજરાતી શબ્દકોશ પ્રમાણે આઈડેન્ટીટીનો અર્થ ઐક્ય, અભિન્નભાવ, તાદાત્મય એકરૂપતા, ઓળખાણ, સામ્યતા, એવો થાય છે. બૃહદ ગુજરાતી કોશ પ્રમાણે ઓળખ શબ્દનો અર્થ છે ઓળખાણ, પીછાન, પરિચય, ઓળખમાં એક જ સમૂહનો હોવાનો અને અન્ય સમૂહથી જુદા હોવાનો ભાવ છે. જેમ કે આપણે અલગ છીએ. આપણા વંશજ ઈતિહાસ અને લોહીનું સગપણ એક જ છે. તેઓ જુદા છે તેવો ભાવ, આમ ઓળખ સામૂહિક સંદર્ભ ધરાવે છે. એક જૂથ તરીકેની ઓળખ છે.

## ૩. આદિવાસી એટલે શું ?

આદિવાસી એટલે પ્રાચીન સમયથી રહેતો આવેલો અને હાલ માનવ સંસ્કૃતિના પ્રારંભિક સ્નેહજીવન વિતાવતો જનસમૂહ. આદિવાસી માટે અંગ્રેજીમાં "એબોરિજિનલ" (મૂળ વતનીઓ) કે પ્રિમીટીવ (જાદિમ) જેવા શબ્દો વપરાય છે. ભારતમાં આદિવાસી માટે સામાન્યતઃ આદિવાસી (Tribal) શબ્દ પ્રચલીત છે. જંગલોમાં રહેતા હોય તેમને માટે વનવાસી અને ડુંગરો, પહાડો, કંદરા કે કોતરોમાં વસનારા માટે ગીરીજનો જેવા પર્યાયો પણ વપરાય છે. ગુજરાતમાં આજ સુધી રાનીપરજ, કાળીપરજ જેવા શબ્દો વપરાશમાં હતા. પરંતુ ભારત સ્વતંત્ર થયું તે પછી બંધારણની અનુચ્છેદ ૩૪૨ અનુસાર પ્રગટ થયેલી યાદી (અનુસૂચી) માં સમાવિષ્ટ તમામ આદિજાતિઓ માટે અનુસૂચિત જનજાતિ (Schedule Tribe) શબ્દ વપરાય છે. માનવશાસ્ત્રીઓ પ્રજાતિજૂથ (Ethnic Tribal) શબ્દ જેવા વ્યાપક પારિભાષિક શબ્દમાં આદિજાતિ પર્યાયનો સમાવેશ થાય છે.

## ૪. આદિવાસી ઓળખ એટલે શું ?

આદિવાસી જૂથ તરીકે ધરાવતા સામાન્ય લક્ષણોનો પરિચય એટલે આદિવાસી ઓળખ. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી સમૂહની આગવી સંસ્કૃતિ રીતરિવાજો, ખોરાક, પહેરવેશ, ઉત્સવો, ભાષા, બોલી, ધર્મ, તેમજ વિવિધ કલાઓનો સમાવેશ થાય છે. જે અન્ય સમુદાયથી જુદા પાડે છે.

આદિવાસી ઓળખ એટલે બધા જ આદિવાસી એક જ સમૂહના એક જ વંશજના હોવાની તેમજ તેઓ સર્વ સામાન્ય લાક્ષણિકતા ધરાવે છે તેવી માન્યતા તેમજ બીજાથી તે અલગ છે તેવી ભાવના.

કોઈપણ જૂથની ઓળખ કે અસ્મિતા પ્રસરવા માટે જોઈએ. (એ) તેમની લાગણી (બી) ઓળખચિન્હો (સી) નેતૃત્વ અને (ડી) ઓળખ પ્રભાવ કોઈ એક જૂથના એટલે કે સમાન લક્ષણો ધરાવતાં લોકોનો પોતાના હિતો માટે અન્ય કોઈ જૂથ વિરોધી લાગે ત્યારે અમે લોકોની ભાવના પ્રસરે છે. જેમકે દલિત સવર્ણ, મૂળ વતની, વસાહતી આદિવાસી-બિનઆદિવાસી એવી ભાવના પ્રબળ બને છે. આ અર્થમાં આદિવાસી ઓળખ ધ્યાન ખેંચે તેવો મુદ્દો બનતો જાય છે. પ્રોફેસર જે.સી. પટેલ જણાવે છે કે ચોક્કસ પ્રદેશ, આગવી બોલી, આદિવાસી ધર્મનાં સંદર્ભમાં આદિવાસી ઓળખ જાળવવી પડકારજનક છે.

## ૫. આદિવાસી ઓળખના પરિમાણો

### *૫. ૧ ઐતિહાસિક સંદર્ભમાં આદિવાસી ઓળખ*

પ્રાચીન યુગમાં જોવા મળતી ઓળખ ધરાવતો આદિવાસી હવે રહ્યો નથી. જે આદિવાસીઓ બિનઆદિવાસીઓના સંપર્કમાં આવ્યા તેમજ સમયની સાથે થયેલા સામાજિક સાંસ્કૃતિક વિકાસને લીધે પરિવર્તન આવ્યું છે. પરિણામે

ઓરીજીનલ આદિમાનવ અથવા અતિ આદિમજાતિની ઓળખ એક ઐતિહાસિક/વારસાગત જાળવણી દષ્ટિએ સારી બાબત છે. પરંતુ આવી ઓળખનો હવે આગ્રહ રાખી શકાય નહિ. દુર્ગમ વિસ્તારમાં રહેતા આવા આદિવાસીઓને પણ વિકાસના લાભ મળવા જોઈએ અને તેઓ બદલાય તે આવશ્યક છે. તેમની સંસ્કૃતિ જાળવી / બદલાય તેવું ઈચ્છીએ અને તેમની ઓળખ જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

### ૫.૨ પરિવર્તન / વિકાસ અને આદિવાસી ઓળખ

ઉદ્યોગીકરણ, વિવિધ વિકાસ યોજનાઓ, શિક્ષણ, સંચારમાધ્યમો અને વાહન વ્યવહારના વિકાસને લીધે આદિવાસીઓમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તન જોવા મળ્યું, પરિણામે આદિવાસીઓની આગવી સંસ્કૃતિ, આગવા રીતરિવાજો, આગવી જીવનશૈલીમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. એટલું જ નહી આ બધાએ આદિવાસીઓનું બિનઆદિવાસીકરણ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો. તેના પરિણામે ઓળક લુપ્ત થવા લાગી છે જે નકારાત્મક બાબત છે. ઉપરાંત વિકાસના લાભથી વંચીત રહેતા આદિવાસીઓમાં અન્યાયની લાગણી અનુભવવાથી એક ઓળખની ચળવળ શરૂ થઈ છે - નક્ષલવાદ, માઓવાદના સ્વરૂપે.

### ૫. ૩ પરસંસ્કૃતિકરણ / વૈશ્વીકરણ અને આદિવાસી ઓળખ

હર્સકોવિટસ લખે છે, "જ્યારે કોઈપણ સંસ્કૃતિ પોતાની સ્વતંત્ર સત્તાને છોડીને બીજી સંસ્કૃતિમાં પોતાને વિલીન કરી દે છે ત્યારે આ પ્રક્રિયાને પરસંસ્કૃતિકરણ કહેવાય. પરસંસ્કૃતિકરણમાં એક સંસ્કૃતિ પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ ગુમાવી દે છે. બીજીનું આત્મીકરણ થાય છે. આ અર્થમાં આદિવાસીઓ બિનઆદિવાસીઓના સંપર્કમાં આવવાથી પરસંસ્કૃતિકરણ થયું છે. તેથી આદિવાસી ઓળખ ગુમાવવા લાગ્યો છે. ખાસ કરીને તેમની જીવનશૈલી રીત-રિવાજો ભુલી ગયા છે. તેમજ બિનઆદિવાસી સમાજની સમસ્યાઓના ભોગ બન્યા છે. આજના વૈશ્વિકરણના યુગમાં આદિવાસી સમાજ વિશ્વ સાથે સંકળાઈ ગયો હોવાથી પોતાની આગવી સંસ્કૃતિ ભુલતા ગયો છે, તેથી ઓળખ જાળવવી તે પડકાર બન્યો છે.

### ૫.૪ ધર્માંતરણ અને આદિવાસી ઓળખ

ખ્રિસ્તી મીશનરી અને હિન્દુઓનાં સંપર્કમાં આવવાથી આદિવાસીઓનું ધર્માંતરણ થતાં મૂળ આદિવાસી ધર્મ-દર્શનશાસ્ત્ર ભુલી ગયો અને નવા મૂલ્યો માન્યતા અપનાવતા થયા. પરંતુ લગ્ન જેવી સામાજિક બાબતમાં મૂળ સમાજ સાથે સંપર્ક જરૂરી બને છે. પરિણામે આદિવાસી ઓળખ એક સમસ્યારૂપ બને છે. આદિવાસી ધર્મની ઓળખ લુપ્ત થવાથી એક પડકાર ઉભો થયો છે.

### ૫.૫ ભારતનું બંધારણ અને આદિવાસી ઓળખ

ભારતીય બંધારણની અનુચ્છેદ ૩૪૨ અનુસૂચિત જનજાતિની ઓળખ આપી છે. એટલું જ નહીં પરંતુ આદિવાસી ઓળખ જળવાઈ રહે. આદિવાસીઓનાં સર્વાંગી વિકાસ થાય તે માટે પુરતી જોગવાઈ કરી છે. તે દષ્ટિએ ભારતીય બંધારણ આદિવાસી ઓળખ માટે હકારાત્મક બન્યું છે. ઓળખ ટકાવવાની જોગવાઈ કરી છે.

### ૫. ૬ વિસ્થાપન અને આદિવાસી ઓળખ

વન વિસ્તારોની તેમજ આદિવાસી સમુદાયોની જમીનો ઉપર વિકાસ વિષયક જંગી યોજનાઓના આયોજનને કારણે તેમની જમીનો સતત ઝુંટવાતી રહી છે. મોટા બંધો, મોટા ઉદ્યોગો, ખનીજ ખોદકામ આદિવાસી રહેણાંક વિસ્તારમાં થાય છે. મોટેભાગે આદિવાસી વનવિસ્તાર અને આ મુડીવાદી વિકાસની તરેહને લીધે આદિવાસીઓ

પોતાના વતન/રહેઠાણ વિસ્તારોમાંથી વિસ્થાપીત થાય છે. આ વિસ્થાપન માત્ર આર્થિક બાબતોને લગતા પ્રશ્ન નથી પેદા કરતાં, પરંતુ હજારો વરસો પુરાણી સંસ્કૃતિ અને પોતાની સભ્યતાની અસ્મિતા/ઓળખ સંકટમાં મુકાય છે. આમ વિસ્થાપન આદિવાસી ઓળખ માટે નકારાત્મક બન્યું છે. વિસ્થાપન આદિવાસીઓની ઓળખ ટકાવવી એ પડકારજનક છે.

**૬. આદિવાસીકરણ અને આદિવાસી ઓળખ**

વિવિધ યોજનાઓનો લાભ મેળવવા, બંધારણીય લાભ લેવા માટે બિનઆદિવાસી જાતિઓ આદિવાસી હોવાના કે થવાના પ્રયાસ કરે છે. સ્વાર્થ ખાતર આદિવાસી હોવાનાં દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કરી આદિવાસી તરીકે મળતા લાભ લેવા મોટા પાયે આદિવાસીકરણ થવા લાગ્યું છે. એટલું જ નહી રાજસ્થાનમાં અનામત યાદીમાં દાખલ કરવા ગુર્જરોએ આંદોલન ચલાવ્યું હતું. પ્રોફેસર ભરત વસૈયા જણાવે છે કે ગુજરાતમાં કચ્છ, કાઠીયાવાડમાં ઘણી જાતિઓનું આદિવાસીકરણ થવા લાગ્યું છે. આમ સરકારી લાભ માટે આદિવાસી ઓળખ આદિવાસી હોવાનું ગર્વ લે છે, તે એક વિચારવા લાયક પ્રશ્ન છે કારણ કે તેનાથી ઓરીજીનલ આદિવાસી માટે પડકારજનક પ્રશ્નો પેદા થશે. આદિલોક મે જુન ૨૦૧૨ ના અંકમાં પેજ નં. ૧૩ પર અનિલકુમાર ભગત લખે છે કે, આદિવાસી યુવાનોમાં પોતાના ધર્મ દેવદેવીઓ સંસ્કૃતિ તહેવાર વગેરેનો ખ્યાલ નહીવત્ જોવા મળે છે. વર્તમાન સમયમાં આદિવાસીઓની ભૌગોલિક, સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિ વગેરેનો અભ્યાસ આવશ્યક લાગે છે. ખરેખર તો ભુતકાળ એ ભવિષ્યનું નિર્માણ કરે છે. એટલે જ્યાં સુધી આપણે ભુતકાળમાં અને ઈતિહાસ તરફ નજર નહીં કરીએ ત્યાં સુધી આપણી સાચી ઓળખથી વંચિત રહી જઈશું અને ઓળખ ગુમાવી બેઠેલાઓનું કોઈ ભવિષ્ય હોતું નથી તેથી જ આજના આદિવાસીઓ પોતાની ઓળખ ગુમાવી બેઠા છે, એમ કહેવામાં મને કોઈ વાંધો જણાતો નથી.

તે જ અંકમાં મોતીભાઈ પટેલ અલગટવાળા જણાવે છે કે, આદિવાસીઓએ પોતાની સંસ્કૃતિ પરંપરા જાળવવી ખૂબ જરૂરી છે. ગામડામાં હજુ પરંપરા જળવાયેલ છે, પરંતુ ભણેલા નોકરી-ધંધાની બહાર ગયેલ શહેરમાં વસવાટ કરતા છોકરાઓ બોલી ભૂલી ગયા છે, રિવાજો સંસ્કૃતિ ભૂલી ગયા છે, જેથી જાગૃત થઈ ઓળખ સાચવવા જણાવે છે.

ટૂંકમાં, ઉપરોક્ત મંતવ્યોને આધારે આપણે કહી શકીએ કે આદિવાસી ઓળખ સંકટમાં છે. આદિવાસી સમાજ સંક્રમણ કાળમાંથી પસાર થઈ રહ્યો છે. તેથી તેની ઓળખ માટે સમસ્યા ઉભી થઈ છે. એક બાજુ વિકાસના લાભોથી વંચિત શોષણનો ભોગ બનનાર તેમજ પર-સંસ્કૃતિના આક્રમણ સામે ઝઝુમતો આદિવાસી સમાજ પોતાની ઓળખ સાચવવા પ્રયાસ કરે તે ખુબ જરૂરી અને આવકારદાયક છે. આવી ઓળખનાં ઉપાયો તરીકે વિશેષ અધિકાર આપવા મૂળ જમીન અધિકાર પરત કરવા જોઈએ, તેમજ ઓળખ જાળવણી કરવી જોઈએ. આદિવાસી ઓળખ માટે કેટલીક જગ્યાએ આદિવાસીઓ પોતાનો રાજનૈતિક, આર્થિક અને સર્વાંગી વિકાસ માટે અલગ રાજ્યની માંગણીઓ કરવા લાગ્યો છે. દા.ત. ગુજરાતમાં અલગ ભીલી સ્થાન.
આમ સમાજે અને રાજ્યે આ બાબત પર પુરતું ધ્યાન આપી આદિવાસી ઓળખ જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા રહ્યા.

## ૭. ઉપસંહાર

ઓળખ/અસ્મિતાનો ખ્યાલ અતિ આધુનિક સંદર્ભમાં અપાર અગત્યતા ધરાવે છે. ખાસ કરીને આદિવાસી સમાજ સંક્રાતિકાળમાંથી પસાર થઈ રહ્યો હોવાથી આદિવાસી ઓળખના પરિમાણ અને પડકારો વિશે જાણવું જરૂરી બની ગયું છે કારણ કે આદિવાસીઓની ચોક્કસ પ્રદેશ જાતિ આગવી સંસ્કૃતિ અને આદિવાસી ધર્મના સંદર્ભમાં આદિવાસી ઓળખની સ્પષ્ટતા કરવી પડશે અને તેને આધારે જ તેમના પ્રશ્નો હલ કરી શકાશે. આ માટે રાજ્ય અને વિકસિત સમાજના સભ્યોએ સહીયારું ચિંતન કરી આદિવાસી ઓળખનાં પડકારોને હલ કરવા પડશે.

## સંદર્ભસૂચિ

૧. જોષી, વિદ્યુત, ગુજરાતની અસ્મિતા "સમાજશાસ્ત્રીય વિશ્લેષણ" પેજ નં. ૧૮-૧૯, ૧૭ મું ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું સોવેનીયર.
૨. ઠાકર, મીનાક્ષી (૨૦૦૪). "આદિવાસી વિકાસ અને વન" યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત રાજ્ય.
૩. નાયડુ, વી. આર. (૧૯૯૭). "ભારત કે આદિવાસી વિકાસ કી સમસ્યા" રાધા પબ્લિકેશન, ન્યુ દિલ્હી.
૪. પટેલ, અર્જુન (૨૦૦૫). "ગુજરાતમાં દલિત અસ્મિતા" સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.
૪. પટેલ, ભગવાનદાસ (૧૯૯૯). "આદિવાસી ઓળખ" માહિતી ખાતું, ગુજરાત રાજ્ય.
૫. રાવ, એમ.એફ. (૧૯૭૧). "ભારતનો આદિવાસી સમાજ", અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ.
૭. આયંગર, સુદર્શન (૨૦૦૫). "આમુખ ગુજરાતમાં દલિત અસ્મિતા" લેખક અર્જુન પટેલ સેન્ટર ફોર સોશ્યિલસ્ટડીઝ, સુરત.
૮. આદિલોક, મે-જુન ૨૦૧૨.